# મહિલા સશકિતકરણ પખવાડિયા અહેવાલ લેખન

પ્રસ્તુત કર્તા:-

________________________________ પ્રા. શાળા

તાલુકો :______________________ .

જિલ્લો : ____________________ .

## મહિલા સશકિતકરણ પખવાડિયા અહેવાલ લેખન

આજ રોજ શાળામાં મહિલા સશકિતકરણ કાર્યકમ ના ભાગ રૂપે મહિલાઓમાં જાગૃતિ આવે તે હેતુથી કાર્યક્રમ કરવામાં આવે.જેમાં શાળામાં મહિલાસશકિતકરણનું આયોજન કરવામાં આવ્યું , જેમાં ગામની મહિલાઓ અને વધુ ભણેલ દિકરીઓને ગામના આગણવાડી આશાવર્કર બેનશ્રી , એસ.એમ.સી મહિલા સભ્ય તથા મધ્યાહન ભોજન સંચાલક હેલ્પર બેનશ્રી જોડાયા. પ્રથમ દિવસે શાળાના સભાખંડમાં પ્રાર્થના કાર્યક્રમ પછી આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

'તારીખ :- ૦૧/૦૮/૨૦૧૭

તારીખ 1/8/17 ના રોજ તમામ આવેલ મહિલાઓને મહિલા સુરક્ષા દિવસ તરીકે ઉજવામાં આવ્યો. જેમાં મહિલાને આજના નવિન યુગમાં પોતાની સુરક્ષા કરી શકે, બહારના સમાજિક તત્વો સામે લડે તેવી ચર્ચા કરવામાં આવી અને તમામને નારી શક્તિની પૌરાણિક ગાથાઓ દ્વારા નારી શક્તિની સમજ આપવામાં આવી અને દરેકને સભાન કરવામાં આવ્યા.આમ આજનો દિવસ ખુબ જ આનંદ સાથે પુર્ણ થયો.

તારીખ :- ૦૨/૦૮/૨૦૧૭

તારીખ 2/8/17 ના દિવસે પણ કાર્યક્રમની રૂપરેખા પ્રમાણે રાબેતા મુજબ શરૂઆત સર્વધર્મ પ્રાર્થના થી કરવામાં આવી. બીજા દિવસે " બેટી બચાવો અને બેટી ભણાવો " વિષે સમજ આપવામાં આવી. તેમજ આજના યુગમાં દિકરી યે સાપનો ભારો નથી રહી તેની સાબિતી રૂપી ઉદાહરણ સાથે સમજ આપવામાં આવી. આ તમામ બાબત પર ખુબ જ સુંદર નારી શકિતની ચર્ચા કરવામાં આવી. આમ આજનો દિવસ પુરો કરવામાં આવ્યો.

તારીખ :- ૩/૦૮/૨૦૧૭

તારીખ 03/08/17 નો કાર્યક્રમ પણ રાબેતા મુજબ સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી મહિલાઓના સ્વાવલંબન માટે સરકારશ્રી દ્વારા ખુબ જ પ્રયત્ન થઈ રહ્યા છે.તેની પણ સમજ આપવામાં આવી. આજના યુગમાં દિકરીઓએ પોતાનું નામ સાર્થક કરી બતાવ્યું છે.આજે મહિલાઓ પણ પોતાના પગ પર ઉભા રહી શકે છે. તેવી તમામ બાબતોની સમજ આપવામાં આવી સાથે સાથે મહિલાઓમાં જાગૃતિ આવે તેવી સમજ આપવામાં આવી અને છેલ્લે એસ.એમ.સી મહિલા સભ્ય શ્રી એ આજના દિવસની મીટીંગ પુર્ણ જાહેર કરી.

તારીખ :- ૦૪/૦૮/૨૦૧૭

તારીખ 04/08/17 કાર્યક્રમની શરૂઆત પણ સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી આજના દિવસને મહિલા નેતૃત્વ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી જેમા આજના યુગમાં મહિલાઓ પણ ખુબ જ પ્રગતિ કરી રહી છે અને આગળ વધી રહી છે. તેમજ પ્રાચીન સમાજમાં પણ મહિલાઓમાં નેતાગીરીનાં ગુણો હતા અને આજે પણ છે તેની સમજ સૌ કોઈ જાણતાં હોય તેવા ઇન્દીરા ગાંધી,કસ્તુરબા,કિરણ બેદી,મધર ટેરેસા,કલ્પના ચાવલા,કર્ણમ મલ્લેશ્વરી ,પ્રતીભા પાટીલ જેવી મહિલાઓ દેશ માટે પોતાનું આગવું યોગદાન આપ્યું છે તેના દ્વારા સમજ આપવામાં આવી આમ નેતાગીરી રૂપી મહિલાઓની સમજ સાથે આજનો કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો.

તારીખ :- ૦૫/૦૮/૨૦૧૭

તારીખ 05/08/17 કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી આજના દિવસની શરૂઆત મહિલા આરોગ્ય દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી જેમાં સ્ત્રીઓના આરોગ્યની વાતો કરવામાં આવી જેમાં સ્ત્રીઓના જ્યારે સમાજમાં ઘરની બહાર જઇ ના શકે એવા સમાજમાં પોતાના બાળકોનું આરોગ્ય સાચવી શકતા નથી તેની માટે દરેક મહિલાઓએ પોતાના બાળકો અને આજબાજુ ના આડોશ-પાડોસ માં જાગૃતિ લાવવા માટેની ચર્ચા કરવામાં આવી. પહેલા મહિલા ને ખુલ્લામાં શોચ માટે જવુ પડતુ હતુ હવે તે બાબતમાં સભાનતા આવી છે આવી સુંદર અને ખુબજ ઉપયોગી તમામ વાતોની સમજ આપી અને અંતે એક શોર્ટ વિડિયો ફિલ્મ બતાવી આજના દિવસનો કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

તારીખ :- ૦૬/૦૮/૨૦૧૭

તારીખ 06/08/17 ના કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી આજનો દિવસ કૃષિ-દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી જેમાં સ્ત્રીઓને ખેતી ની સારી સમજ આપવામાં આવી અને ખેતી અને પશુપાલન થી પોતાના પરીવારનું ભરણપોષણ કરી શકે છે અને પોતાના બાળકો ને સારી રીતે ઉચ્ચ અભ્યાસ પણ કરાવી શકે આ રીતે તમામ આવેલ મહિલાઓને સમજ આપવામાં આવી.અને પોતાના પરીવારમાં આની સમજ આપવાની જવાબદારી આપાવામાં આવી. અને આજનો દિવસ શાંતી પૂર્ણ પ્રસાર થયો.

તારીખ :- ૦૭/૦૮/૨૦૧૭

તારીખ 07/08/17 નાં દિવસનાં કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી. આજનાં દિવસને શિક્ષણ- દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી જેમાં શાળામાં મહિલા સશકિત કરણ કાર્યક્રમ અંતર્ગત ગામમાં શિક્ષણ ક્ષેત્રે તેમજ અન્ય વિશિષ્ટ રીતે હાલમાં ધોરણ 12 માં પાસ થનાર ગામની દિકરીને બોલાવવામાં આવી અને તેનું સન્માન કરવામાં આવ્યું જેના થકી બીજી પણ દિકરીઓને પ્રેરણા મળે તે હેતુથી શાળામાં કાર્યક્રમમાં જોડાયા આમ આજનાં દિવસને શિક્ષણની ચર્ચા સાથે અને શિક્ષણની પ્રેરણા સાથે શાંતીપૂર્ણ પ્રસાર થયો.

'તારીખ :- ૦૮/૦૮/૨૦૧૭

તારીખ 08/08/17 દિવસનાં કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી આજના દિવસની શરૂઆત મહિલા સ્વચ્છતા જાગૃતિ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી જેમાં સ્ત્રીઓના સ્વચ્છતા ની વાતો કરવામાં આવી જેમાં સ્ત્રીઓના જ્યારે સમાજમાં ઘરની બહાર જઇ ના શકે એવા સમાજમાં પોતાના બાળકોને સ્વચ્છતા સાચવી શકતા નથી તેની માટે દરેક મહિલાઓ એ પોતાના બાળકો અને આજબાજુ ના આડોસ - પાડોસમાં જાગૃતિ લાવવા માટેની ચર્ચા કરવામાં આવી. પહેલાના સમયમાં મહિલાને ખુલ્લામાં શૌચ માટે જવુ પડતુ હતી હવે તે બબાત માં સભાનતા આવી છે આવી વાતો અને એક શોર્ટ ફિલ્મ બતાવી આજનો દિવસનાં કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો

તારીખ :- ૦૯/૦૮/૨૦૧૭

તારીખ 09/08/17 દિવસનાં કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી આજના દિવસને મહિલા કલ્યાણ દિવસ તરીકે શરૂઆત કરવામાં આવી જેમાં શાળામાં મહિલાઓને રાજકીય અને સામાજીક અને આર્થિક ની સાથે કલ્યાણ કારી કાર્યો કરે તે હેતુ થી જોડવામાં આવી છે.આવા કાર્યોથી પોતાની ક્ષમતામાં વિશ્વાસ અને સશક્ત પણાનો સમાવેશ થાય છે તેની સમજ આપવામાં આવી અને મહિલાની ગરીમાને ઠેસ પહોચાડતાં કાર્યોની પણ ચર્ચા કરવામાં આવી આજનો દિવસ શાંતિ પૂર્ણ પસાર થયો.

તારીખ:- ૧૦/૦૮/૨૦૧૭

તારીખ 10/08/17 દિવસનાં કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી આજનાં દિવસને બાળપોષણ જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો જેમાં માતાને ગર્ભ સમયે જરૂરી પોષક તત્વો મળી રહે તેની સમજ આપવામાં આવી. ઘણાં સમાજમાં તેમજ ગરીબીના કારણે બાળકો કુપોષણોનો શિકાર બને છે તેનું પ્રમાણ ઓછુ થાય તેની કાળજી રાખવામાં આવે તેની ચર્ચા કરવામાં આવી ઘણા ખરા ગામોમાં મહિલાઓ વ્યસન કરે છે જેની વિપરીત અસર આવનાર બાળકો અને શાળાએ જતા બાળકો પર પડે છે આ તમામ બાબત પર સમજ આપી આમ તમામ મહિલાઓએ સાથે અલ્પાહાર કર્યો આમ આજના દિવસનો કાર્યક્રમ શાંતિપૂર્ણ પ્રસાર થયો.

તારીખ :- ૧૧/૦૮/૨૦૧૭

તારીખ 11/08/17નાં દિવસનાં કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી. આજનો દિવસ કર્મયોગી તરીકે ઉજવવામાં આવ્યો જેમાં ભારતમાં ચાલતાં વિચારો જેવા કે સારા કાર્યો કે કર્મો નહી કર્યા હોય એટલે સ્ત્રી જાતીમાં જન્મ થયો હસે આવી અંધશ્રધ્ધા રૂપી વિચાર સમાજમાં ઘર કરી ગયા છે જે દુર કરવા આપણી સોની ફરજ છે, જેની સુંદર સમજ આપવામાં આવી આમ આજનો દિવસ શાંતિપૂર્ણ પસાર કરવામાં આવ્યો.

તારીખ :- ૧૨/૦૮/૨૦૧૭ )

તારીખ 12/08/17 દિવસનાં કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી આજના દિવસને મહિલા કાનુની જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં ભય માંથી બહાર આવવું અને પોતાની છબી ને સુધારવી .ભારતમાં દારૂનાં વ્યસનનાં કારણે હંમેશા મહિલા પર થતી હિંસા જોવા મળે છે જેમાંથી કઇ રીતે બચાવ કરી શકાય તેની તેમજ ઘણી ભારતીય મુસ્લિમ મહિલાઓ એશરિયત કાયદા અનુસાર ધાર્મિક નેતાઓના મહિલા અધિકારની સમાજ પર પ્રશ્નો કર્યા અને ત્રણ તલાક વ્યવસ્થાને વખોડી આ તમામ જરૂરી માહિતી આપી આવી રીતે મહિલા કાનુની દિવસ પૂર્ણ કરવામાં આવ્યો

તારીખ :- ૧૩/૦૮/૨૦૧૭

તારીખ 13/08/17 દિવસનાં કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થના થી કરવામાં આવી આજનાં દિવસને ક્ષમ-જીવી મહિલા દિવસ તરીકે ઉજવામાં આવ્યો જેમાં આજની સ્ત્રી ઘણા સામાજિક પડકારોનો સામનો કરતા કરતાં આકરી આર્થિક કટોકટી વચ્ચે બાળકોના ઉછેરવા. તેમજ પોતાના પરિવાર ની આવક સુરક્ષિત કરવા માટે તેમજ સાબુ અને અગરબત્તી બનાવવા જેવા વ્યવસાયમાં સક્રિય બની રહે તેવી મહિલાઓ ને સમજ આપી જે ક્ષમજીવી મહિલાઓ છે.તેવી સમજ આપવામાં આવી

તારીખ :- ૧૪/૦૮/૨૦૧૭

તારીખ 14/18/17નાં મહિલા સશકિતકરણ કાર્યક્રમના છેલ્લે દિવસે દરેક મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી જેમાં એક સ્ત્રી પોતાની વિભન્ન ભુમિકાઓ ભજવવા માટે પુર્ણ રૂપે સક્ષમ હોય છે. મહારાષ્ટ્રમાં વર વહેચર નામના ગામમાં 400 સ્ત્રીઓ એકસામટી આગળ આવી અને દારૂ તેમજ અન્ય નશા ઉપર પ્રતિબંધ લાવવા અંગે એમણે પોતાના બુલંદ વિરોધ વ્યક્ત કર્યો.આ બબાત ની આચાર્યશ્રી એ સમજ આપી અને આ તમામ દિવસે હાજર રહી શાળાને આનંદમય બનાવ્યું તે બદલ તમામ મહિલાઓનો આભાર.....

જય ગરવી ગુજરાત

નારી તું નારાયણી

“નારીશકિત શત શત નમન” મેઘાણી જી એ સરસ લખ્યું છે જન ની જણ તો એવો જણજે

કાં શુર કાં દાતાર નહી તો રહેજે વાજણી

તારૂ મત ગુમાવીશ નુર

આમાં નારીની શકિતની વાત કહી છે